# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૯૯
# તારીખ. ૨૮–૦૯–૨૦૨૨

આજ રોજ તારીખ.૦૬–૦૯–૨૦૨૨ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૧૫, ૧૧૬ અને ૧૧૭ અનુસાર શહેરની ખાનગી મીલકતોની નામ ટ્રાન્સફર અંગેની આવેલ અરજીઓનો ક્રમ ૧ થી ૨૭ મુજબની ટેક્ષ વિભાગ તરફથી ચીફ ઓફીસરશ્રી મારફતે રજુ થયેલ છે જે ચર્ચા વિચારણાની અંતે યોગ્ય જણાવેલ હોઈ સદરહુ અરજીઓ મુજબની તમામ મીલકતોના નામ ટ્રાન્સફર કરવાની મંજુરી આપવામાં આવે છે તદઅનુસારની નોંધ આકારણી રજીસ્ટર અને ડીમાન્ડ રજીસ્ટરે કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે અને ટેક્ષ વિભાગ વિભાગ તરફથી જાહેરાત આપેલ તેમાં કોઈ વાંધા અરજી આવેલ નથી જેથી નાણાંકીય વર્ષમાં આખરી કરાવેલ ડીમાન્ડ મંજુર રાખવામાં આવે છે અને તે મુજબ અમલવારી કરવાની રહે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. ઉષાબેન પી. બારૈયા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા – ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૦૦
## તારીખ. ૨૮–૦૯–૨૦૨૨

આજ રોજ તારીખ.૦૬–૦૯–૨૦૨૨ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે શહેરની ખાનગી મીલકતો જે એકત્ર કરવા ભાગ પાડવા નામ શેષ (ખંડેર) કરવા ધંધાકીય (બીન રહેણાંક) કરવા તથા નંબર કમી કરવા આવેલ અરજી નંબર ૧ થી ૪૬ સુધીની અરજીઓની ઝોનલ ઓફીસરની મારફતે સ્થળ તપાસનો રીપોર્ટ મુજબની ચીફ ઓફીસરની મારફતે રજુ થયેલ સદરહુ અરજીઓમાં નિયમ મુજબ ફેરફાર કરવા તથા આકારણી રજીસ્ટરે તથા ડીમાન્ડ રજીસ્ટરમાં સુધારા મંજુર તથા તે માટે ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. ઉષાબેન પી. બારૈયા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૦૧

## તારીખ.૨૮–૦૯–૨૦૨૨

આથી ઠરાવ કરવામાં આવે છે કે જે તે ખાતાના કર્મચારીશ્રી તેમજ ચીફ ઓફીસરશ્રી ની ભલામણ ધ્યાને લેતા નીચે દર્શાવેલ કર્મચારીઓની તેમના પી.એફ.ખાતા માં જમા થયેલ રકમ માથી પી.એફ.લોન ની માંગણી કરેલ હોવાથી પી.એફ.લોન આપવા તેઓના નામની સામે દર્શાવેલ રકમ મંજુર કરવામાં આવે છે.

| ક્રમ | નામ | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | નરેશકુમાર બચુભાઈ પંડયા | પી.એફ.લોન | **૨૫૦૦૦૦.૦૦** |
| ૨ | મહેશભાઈ હીરાભાઈ હરીજન | પી.એફ.લોન | **૨૦૦૦૦૦.૦૦** |
| | | | **૪૫૦૦૦૦.૦૦** |

ઉપરોકત મંજુર કરવામાં આવેલ પી.એફ.લોન ની રકમ પી.એફ.ખર્ચ ખાતે પાડી ચુકવી આપવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. ઉષાબેન પી. બારૈયા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૦૨

## તારીખ.૨૮–૦૯–૨૦૨૨

ઉપરોકત રીપોર્ટની વિગત વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકાના સ્થંભતીર્થ કોમ્પલેક્ષના ધર્મશાળામાં તારીખ.૦૧–૦૯–૨૦૨૨નો રીપોર્ટ આવેલ છે જેમાં કોમ્પ્યુટર બંધ થઈ ગયેલ છે તેને ચાલુ કરવા માટે એચ૧૧૦ એમ–૨ મધર બોર્ડ નવુ ખરીદવા માટે સરકયુલર ટેન્ડર તારીખ.૧૨–૦૯–૨૦૨૨ ના રોજ ફેરવતાં તારીખ.૧૫–૦૯–૨૦૨૨ સુધીમાં ત્રણ પાર્ટીના ભાવો આવેલા છે જેમાં કંમ્પેરેટીવ સ્ટેટમેન્ટ બનાવતાં નીચે મુજબના ભાવો આવેલા છે જેની વિગત નીચે મુજબ છે.

**નગરપાલિકા સ્થંભતીર્થ કોમ્પ્લેક્ષના ધર્મશાળામાં કોમ્પ્યુટર**

**બંધ પડી ગયેલ તેને ચાલુ કરવા માટેના ભાવ**

| અનુ. નંબર | માલ સામાનનું વર્ણન વજન, સંખ્યા, જથ્થો વિગેરે. | સમર્થ કોમ્પ્યુટર સ્થંભતીર્થ કોમ્પલેક્ષ ટાવર સામે, ખંભાત ૯૪૨૭૫૭૯૦૯૨ | માઈક્રો કોમ્પ્યુટર સ્ટેશન રોડ, ખંભાત ૮૮૬૬૫૨૦૯૧૬ | ડીજીટ કોમ્પ્યુટર ચીતારી બજાર ખંભાત ૯૮૯૮૧૬૦૧૪૭ |
|---|---|---|---|---|
| (૧) | એચ ૧૧૦ મધર બોર્ડ | રૂા.૮૨૫૦/– અંકે રૂપિયા આઠ હજાર બસો પચાસ પુરા | રૂા.૮૩૫૦/– અંકે રૂપિયા આઠ હજાર ત્રણસો પચાસ પુરા | રૂા.૮૪૫૦/– અંકે રૂપિયા આઠ હજાર ચારસો પચાસ પુરા |

જેમાં સ્થંભતીર્થ કોમ્પલેક્ષના ધર્મશાળામાં કોમ્પ્યુટર બંધ પડી ગયેલ તેને ચાલુ કરવા માટેના ભાવો (૧) સમર્થ કોમ્પ્યુટર ખંભાતના રૂપીયા. ૮૨૫૦/– (૨) માઈક્રો કોમ્પ્યુટર ખંભાતના રૂપીયા. ૮૩૫૦/– (૩) ડીજીટ કોમ્પ્યુટર ખંભાતના રૂપીયા. ૮૪૫૦/– પુરા આવેલા છે.

જેમાં સૌથી ઓછા ભાવો સમર્થ કોમ્પ્યુટર ખંભાતના રૂપીયા. ૮૪૫૦/– અંકે રૂપીયા આઠ હજાર ચારસો પચાસ પુરા આવેલા છે.

જેમાં સૌથી ઓછા ભાવો સમર્થ કોમ્પ્યુટર ખંભાત વાળાના આવેલ હોવાથી તેઓની પાસેથી સ્થંભતીર્થ કોમ્પલેક્ષના ધર્મશાળાના કોમ્પ્યુટર બંધ પડી ગયેલ તેને ચાલુ કરવા અને તે અંગે થતો ખર્ચ કરવા આથી મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. ઉષાબેન પી. બારૈયા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૦૩
# તારીખ.૨૮–૦૯–૨૦૨૨

ઉપરોકત રીપોર્ટની વિગત વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકાના સ્થંભતીર્થ કોમ્પલેક્ષના કેશ વિભાગમાં તારીખ.૦૧–૦૯–૨૦૨૨નો રીપોર્ટ આવેલ છે જેમાં કોમ્પ્યુટર બંધ થઈ ગયેલ છે તેને ચાલુ કરવા માટે ૬૧ મધર બોર્ડ તથા પ્રોસેસર નવુ ખરીદવા માટે સરકયુલર ટેન્ડર તારીખ.૧૨–૦૯–૨૦૨૨ ના રોજ ફેરવતાં તારીખ.૧૫–૦૯–૨૦૨૨ સુધીમાં ત્રણ પાર્ટીના ભાવો આવેલા છે જેમાં કંમ્પેરેટીવ સ્ટેટમેન્ટ બનાવતાં નીચે મુજબના ભાવો આવેલા છે જેની વિગત નીચે મુજબ છે.

**નગરપાલિકા સ્થંભતીર્થ કોમ્પ્લેક્ષના કેશ વિભાગમાં કોમ્પ્યુટર બંધ પડી ગયેલ તેને ચાલુ કરવા માટેના ભાવ**

| અનુ. નંબર | માલ સામાનનું વર્ણન વજન, સંખ્યા, જથ્થો વિગેરે. | સમર્થ કોમ્પ્યુટર સ્થંભતીર્થ કોમ્પલેક્ષ ટાવર સામે, ખંભાત ૯૪૨૭૫૭૯૦૯૨ | માઈક્રો કોમ્પ્યુટર સ્ટેશન રોડ, ખંભાત ૮૮૬૬૫૨૦૯૧૬ | ડીજીટ કોમ્પ્યુટર ચીતારી બજાર ખંભાત ૯૮૯૮૧૬૦૧૪૭ |
|---|---|---|---|---|
| (અ) | ૬૧ મધર બોર્ડ | રૂા.૫૨૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર બસો પુરા | રૂા.૫૩૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર ત્રણસો પુરા | રૂા.૫૪૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર ચારસો પુરા |
| (બ) | આઈ–૩ પ્રોસેસર | રૂા. ૩૨૫૦/– અંકે રૂપિયા ત્રણ હજાર બસો પચાસ પુરા | રૂા. ૩૩૦૦/– અંકે રૂપિયા ત્રણ હજાર ત્રણસો પુરા | રૂા. ૩૩૫૦/– અંકે રૂપિયા ત્રણ હજાર ત્રણસો પચાસ પુરા |

જેમાં સ્થંભતીર્થ કોમ્પલેક્ષના કેશ વિભાગમાં કોમ્પ્યુટર બંધ પડી ગયેલ તેને ચાલુ કરવા માટેના ભાવો (૧) સમર્થ કોમ્પ્યુટર ખંભાતના (અ) ૬૧ મધર બોર્ડ રૂપીયા. ૫૨૦૦/– (બ) આઈ–૩ પ્રોસેસર રૂપીયા. ૩૨૫૦/–(૨) માઈક્રો કોમ્પ્યુટર ખંભાતના (અ) ૬૧ મધર બોર્ડ રૂપીયા. ૫૩૦૦/– (બ) આઈ–૩ પ્રોસેસર રૂપીયા ૩૩૦૦/– (૩) ડીજીટ કોમ્પ્યુટર ખંભાતના (અ) ૬૧ મધન બોર્ડ રૂપીયા.૫૪૦૦/–(બ) આઈ–૩ પ્રોસેસર રૂપીયા.૩૩૫૦/– પુરા આવેલા છે.

જેમાં સૌથી ઓછા ભાવો સમર્થ કોમ્પ્યુટર ખંભાતના (અ) ૬૧ મધર બોર્ડ રૂપીયા. ૫૨૦૦/– અંકે રૂપીયા પચાસ હજાર બસો પુરા (બ) આઈ–૩ પ્રોસેસર રૂપીયા. ૩૨૫૦/– અંકે રૂપીયા ત્રણ હજાર બસો પચાસ પુરા આવેલા છે.

જેમાં સૌથી ઓછા ભાવો સમર્થ કોમ્પ્યુટર ખંભાત વાળાના આવેલ હોવાથી તેઓની પાસેથી સ્થંભતીર્થ કોમ્પલેક્ષના કેશ વિભાગના કોમ્પ્યુટર બંધ પડી ગયેલ તેને ચાલુ કરવા અને તે અંગે થતો ખર્ચ કરવા આથી મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. ઉષાબેન પી. બારૈયા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૦૪
## તારીખ.૨૮–૦૯–૨૦૨૨

ઉપરોકત રીપોર્ટની વિગત વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકાના સ્થંભતીર્થ કોમ્પલેક્ષના જન્મ મરણ વિભાગમાં તારીખ.૨૯–૦૮–૨૦૨૨ નો રીપોર્ટ આવેલ છે જેમાં કોમ્પ્યુટર બંધ થઈ ગયેલ છે તેને ચાલુ કરવા માટે રેમ ૪ જીબી તથા એસ.એમ.પી.એસ. ૪૫૦ વોટ તથા આઈ૩ થર્ડ જનરલ પ્રોસેસર નવુ ખરીદવા માટે સરકયુલર ટેન્ડર તારીખ. ૧૨–૦૯–૨૦૨૨ ના રોજ ફેરવતાં તારીખ.૧૫–૦૯–૨૦૨૨ સુધીમાં ત્રણ પાર્ટીના ભાવો આવેલા છે જેમાં કંમ્પેરેટીવ સ્ટેટમેન્ટ બનાવતાં નીચે મુજબના ભાવો આવેલા છે જેની વિગત નીચે મુજબ છે.

**નગરપાલિકા સ્થંભતીર્થ કોમ્પ્લેક્ષના જન્મ મરણ વિભાગમાં કોમ્પ્યુટર બંધ પડી ગયેલ તેને ચાલુ કરવા માટેના ભાવ**

| અનુ. નંબર | માલ સામાનનું વર્ણન વજન, સંખ્યા, જથ્થો વિગેરે. | સમર્થ કોમ્પ્યુટર સ્થંભતીર્થ કોમ્પલેક્ષ ટાવર સામે, ખંભાત ૯૪૨૭૫૭૯૦૯૨ | માઈક્રો કોમ્પ્યુટર સ્ટેશન રોડ, ખંભાત ૮૮૬૬૫૨૦૯૧૬ | ડીજીટ કોમ્પ્યુટર ચીતારી બજાર ખંભાત ૯૮૯૮૧૬૦૧૪૭ |
|---|---|---|---|---|
| (અ) | ડી.ડી.આર.૩ રેમ | રૂા.૨૨૦૦/– અંકે રૂપિયા બે હજાર બસો પુરા | રૂા.૨૩૫૦/– અંકે રૂપિયા બે હજાર ત્રણસો પચાસ પુરા | રૂા.૨૨૫૦/– અંકે રૂપિયા બે હજાર બસો પચાસ પુરા |
| (બ) | એસ.એમ.પી.એસ. | રૂા.૮૫૦/– અંકે રૂપિયા આઠસો પચાસ પુરા | રૂા.૯૦૦/– અંકે રૂપિયા નવસો પુરા | રૂા.૯૦૦/– અંકે રૂપિયા નવસો પુરા |
| (ક) | આઈ–૩ પ્રોસેસર | રૂા.૩૨૫૦/– અંકે રૂપિયા ત્રણ હજાર બસો પચાસ પુરા | રૂા.૩૩૫૦/– અંકે રૂપિયા ત્રણ હજાર ત્રણસો પચાસ પુરા | રૂા.૩૩૦૦/– અંકે રૂપિયા ત્રણ હજાર ત્રણસો પુરા |

જેમાં સ્થંભતીર્થ કોમ્પલેક્ષના જન્મ મરણ વિભાગમાં કોમ્પ્યુટર બંધ પડી ગયેલ તેને ચાલુ કરવા માટેના ભાવો (૧) સમર્થ કોમ્પ્યુટર ખંભાતના (અ) ડી.ડી.આર.૩ રેમ રૂપીયા. ૨૨૦૦/– (બ) એસ.એમ.પી.એસ. રૂપીયા. ૮૫૦/– (ક) આઈ – ૩ પ્રોસેસર રૂપીયા. ૩૨૫૦/– (૨) માઈક્રો કોમ્પ્યુટર ખંભાતના (અ) ડી.ડી.આર.૩ રેમ રૂપીયા. ૨૩૫૦/– (બ) એસ.એમ.પી.એસ. રૂપીયા. ૯૦૦/– (ક) આઈ–૩ પ્રોસેસર રૂપીયા. ૩૩૫૦/–

(૩) ડીજીટ કોમ્પ્યુટર ખંભાતના (અ) ડી.ડી.આર.૩ રેમ રૂપીયા. ૨૨૫૦/–(બ) એસ.એમ. પી.એસ. રૂપીયા. ૯૦૦/– (ક) આઈ–૩ પ્રોસેસર રૂપીયા.૩૩૦૦/– પુરા આવેલા છે.

જેમાં સૌથી ઓછા ભાવો સમર્થ કોમ્પ્યુટર ખંભાતના (અ) ડી.ડી.આર.૩ રેમ રૂપીયા. ૨૨૦૦/– અંકે રૂપીયા બે હજાર બસો પુરા (બ) એસ.એમ.પી.એસ. રૂપીયા. ૮૫૦/– અંકે રૂપીયા આઠસો પચાર પુરા (ક) આઈ–૩ પ્રોસેસર રૂપીયા. ૩૨૫૦/– અંકે રૂપીયા ત્રણ હજાર બસો પચાસ પુરા પચાસ પુરા (ક) આઈ–૩ પ્રોસેસર રૂપીયા. ૩૨૫૦/– અંકે રૂપીયા ત્રણ હજાર બસો પચાસ પુરા આવેલા છે.

જેમાં સૌથી ઓછા ભાવો સમર્થ કોમ્પ્યુટર ખંભાત વાળાના આવેલ હોવાથી તેઓની પાસેથી સ્થંભતીર્થ કોમ્પલેક્ષના જન્મ મરણ વિભાગના કોમ્પ્યુટર બંધ પડી ગયેલ તેને ચાલુ કરવા અને તે અંગે થતો ખર્ચ કરવા આથી મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. ઉષાબેન પી. બારૈયા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

**<u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>**

**<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૦૫</u>**

**<u>તારીખ.૨૮–૦૯–૨૦૨૨</u>**

આથી ઠરાવ કરવામાં આવે છે કે એસ્ટેટ કલાર્ક ના રીપોર્ટ તથા ચીફ ઓફીસરશ્રીની ભલામણ વંચાણે લેતા સરદાર ટાવર સામે મોચીવાડ રોડ ઉપર આવેલ ખંભાત નગરપાલીકા ની માલીકીનુ''સ્વામી વિવેકાનંદ કોમ્પલેક્ષ''ગ્રાઉન્ડ ફલોર પર નગરપાલીકા ધ્વારા બે હોલનુ બાંધકામ કરેલ છે જેમાંથી એક હોલ સંજયકુમાર આત્મારામ મહેશ્વરી રહે. સ્વપ્ન મહેલ સોસાયટી મુ.તારાપુર ની તારીખ. ૦૭–૦૯–૨૦૨૨ ના રોજ હોલ માસીક લાયસન્સ ફી થી રાખવા અરજી આવેલ છે તે અરજી અંગે આજની મીટીંગમાં ઘનિષ્ટ ચર્ચા થયા બાદ (નિયમ ૮૦ પ્રકરણ –૨ ) ની કલમ ૬૫(૧) મુજબ એક વર્ષથી વધારે નહિ તેટલી મુદત માટે સ્થાવર મિલ્કત પટે આપવા મળેલ સત્તાની રૂએ અરજદાર શ્રીસંજયકુમાર આત્મારામ મહેશ્વરી ને માસીક લાયસન્સ ફી થી ૧૧ (અગિયાર)માસ માટે નીચે જણાવેલ શરતો ને આધીન માસીક લાયસન્સ ફી થી આપવા મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

(૧) સ્વામી વિવેકાનંદ કોમ્પલેક્ષ નીચે ગ્રાઉન્ડ ફલોર માં આવેલ હોલ નંબર ૧ જેનો મ્યુની. બ્લોક નંબર. બી૦૧૨૨/એચ છે. તે હોલ તારીખ. ૦૧–૧૦–૨૦૨૨ થી અંગ્રેજી ૧૧ (અગિયાર) માસ માટે કરાર આધારીત માસીક લાયસન્સ ફી થી આપવામાં આવેલ છે.

(૨) સદર હોલ ની માસીક લાયસન્સ ફી રૂા.૯૫૦૦/– અંકે રૂપિયા નવ હજાર પાંચસો પુરા પ્રત્યેક માસે ચુકવવાની રહેશે.

(૩) માસીક લાયસન્સ ફી ઉપર સરકારશ્રીનો જી.એસ.ટી. ચાર્જ અલગ થી લાયસન્સીએ ભરવાનો રહેશે.

(૪) સદર હોલમાં નુકશાન થાય તેવુ કોઈ કૃત્ય કરવા નું નથી

(૫) સદર હોલની પ્રત્યેક માસની માસીક લાયસન્સ ફી એડવાન્સ ભરપાઈ કરવાની રહેશે.

(૬) લાયસન્સી એ લેખીત પરવાનગી સિવાય હોલમાં કોઈપણ જાતની રીપેરીંગ કામ, સુધારો–વધારો કરી શકાશે નહિ અને રીપેરીંગ કામ નગરપાલીકાની મંજુરી આપે તો રીપેરીંગ ખર્ચ લાયસન્સી એ ભોગવવાનો રહેશે.

(૭) લાયસન્સી એ નગરપાલિકા તથા રાજય/કેન્દ્ર સરકારશ્રી ના વેરા ભરપાઈ કરવાની જવાબદારી લાયસન્સદારની રહેશે.

(૮) સદર હોલમાં સમાજ વિરુધ્ધની પ્રવૃતિ કરવા દેવામા આવશે નહિ.

(૯) સદર હોલમાં લાયસન્સી ભાગીદાર તરીકે કોઈને પણ દાખલ કરી શકશે નહિ.

(૧૦) સદર હોલમાં સળગી ઉઠે તેવા જવાળાગ્રાહી પદાર્થો વિગેરે ભરી શકશે નહિ. તેમજ તેનો ધંધો કરી શકશે નહિ તેમ છતાં પણ સદર હોલમાં કોઈપણ નુકશાન કરવામાં આવશે. તો તેની નુકશાનીના નાણાં લાયસન્સીએ ભોગવવાનો રહેશે.

(૧૧) સદર હોલનો માસીક લાયસન્સ ફી નો ૧૧ માસનો કરાર કરવાનો તમામ ખર્ચ

લાયસન્સીએ ભોગવવાનો રહેશે.

(૧૨) લાયસન્સીને ફાળવેલ હોલ કરારની મુદત પર્ણ થયે હોલનો કબજો નગરપાલિકા ને પરત કરવાનો રહેશે.અને કરારની મુદત દરમ્યાન નગરપાલિકાને આ હોલની જરૂર પડે તો હોલ ખાલી કરી નગરપાલિકાને પરત કરવાનો રહેશે.

(૧૩) સદર હોલની બહાર પેસેજ વાળા ભાગમાં માલ–સામાન તેમજ વાહન લાયસન્સી મુકી શકશે નહિ.

(૧૪) આ સિવાય કોઈપણ ની વધારાની શરત ઉમેરવા ની જણાય તો નગરપાલિકા ઉમેરી શકશે.

(૧૫) સદર મિલ્કતનુ લાઈટ બીલ લાયસન્સીએ ભરપાઈ કરવાનુ રહેશે.

(૧૬) સદર મિલ્કતમાં સફાઈ કરાવવા અંગેની તમામ જવાબદારી લાયસન્સદારની રહેશે.

(૧૭) સદર મિલ્કતમાં આગ–અકસ્માત અંગેની સંપૂર્ણ જવાબદારી લાયસન્સદારની રહેશે અગ્નિશામક સાધનો રાખવાનુ રહેશે અને તે અંગે ફાયર એન.ઓ.સી. મેળવવાની રહેશે. સરકારશ્રીની કોવીડ–૧૯ અંતર્ગત ગાઈડ લાઈનનો અમલ કરવાનો રહેશે.

(૧૮) સદર જગ્યામાં લાયસન્સ ફી થી રાખનાર શખ્સ અગર તેનો ભાગીદાર અથવા તેમનો નોકર મ્યુનિસિપાલીટીએ ઠરાવેલ શરતોનો ભંગ કરે તો મ્યુનિસિપાલીટીને જગ્યાનો કબજો કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય પરત લેવાનો અધિકાર છે.

(૧૯) ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૧ નીચે જે ટેક્ષ વસુલ કરી શકાય છે તે રીતે માસીક લાયસન્સ ફી ની રકમ પણ ટેક્ષ છે. તેમ ગણી નગરપાલિકા તરફથી વસુલ કરી શકશે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. ઉષાબેન પી. બારૈયા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૦૬
# તારીખ.૨૮–૦૯–૨૦૨૨

ઉપરોકત રીપોર્ટની વિગત વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકાના ભાડા કલાર્ક તથા કમીટી કલાર્કના ટેબલને લગતી જવી કે સરકારી પરિપત્રો,જ.બોર્ડ તથા કારોબારી કમીટીના ઠરાવો, પ્રમુખશ્રીના ઠરાવોની ઝેરોક્ષ, સ્થંભતીર્થ કોમ્પલેક્ષમાં આવેલ મેટરનીટી હોમની જાહેર હરાજીની શરતો, હરાજીમાં ઉભા રોકવાનું ફોર્મ, ડીપોઝીટો રીફંડના ફોર્મ, ઈજારાની ભરેલ રકમની રશીદો, નગરપાલિકા ભાડાનાં ચાલતા કોર્ટ કેસોના વિવિધ કેસોના પેપર્સોની ઝેરોક્ષ નકલો તારીખ.૨૫–૦૮–૨૦૨૧ થી તારીખ.૧૬–૦૫–૨૦૨૨ સુધી કુલ પેજ ૨૧૫૦ ની ઝેરોક્ષ નકલો વિરલ ઝેરોક્ષ પાસે કરાવેલ છે. જેનું બીલ રૂપિયા. ૨૧૫૦/– અંકે રૂપિયા બે હજાર એકસો પચાસ પુરાના બીલ આવેલ છે અને તારીખ.૩૦–૦૭–૨૦૨૨ ના જનરલ બોર્ડની આઈટમો કુલ ૧ થી ૬ ની આઈટમ વાઈઝના કુલ પેપર્સ–૬૧૬ પેજની ઝેરોક્ષ નકલો વિરલ ઝેરોક્ષ પાસે ઝેરોક્ષ કરાવેલ છે. જેના રૂપિયા. ૬૧૬/– અંકે રૂપિયા છસો સોળ પુરાનું બીલ આવેલ છે. જેના રૂપિયા. ૨૧૫૦/– + ૬૧૬/– કુલ ૨૭૬૬/– અંકે રૂપિયા બે હજાર સાતસો છાસઠ પુરા ઝેરોક્ષના બીલનો ખર્ચની રકમ મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. ઉષાબેન પી. બારૈયા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૦૭
# તારીખ.૨૮–૦૯–૨૦૨૨

ખંભાત નગરપાલિકાની માલિકીની ચોક વિસ્તારમાં આવેલ મ્યુની. બ્લોક નંબર. K0296C "ટી.વી.રીલે કેન્દ્ર" તરીકે ઓળખાય છે તે મિલ્કતવાળી જગા નીચે જણાવેલ શરતોથી માસીક લાયસન્સ ફી થી આપવા ઠરાવવામાં આવે છે.

(૧) સદર જગા માસિક લાયસન્સ ફી થી અંગ્રેજી ૦૩ (ત્રણ) વર્ષ માટે આપવાની છે.

(૨) સદર જગાની માસિક લાયસન્સ ફી ની અપેસેટ કિંમત રૂપીયા.૨૫,૦૦૦/– અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા રહેશે. તેના ભાવ સીલ બંધ કવરમાં ઓફર રજુ કરવાની રહેશે અને માસિક લાયસન્સ ફી ની તેમાં સૌથી ઉંચી આવેલ ઓફરની કાર્યવાહી કરવામાં આવશે.

(૩) જે અરજદારની સૌથી ઉંચી આવેલ ઓફર સ્વીકારેથી તે અરજદારશ્રી તે માસિક લાયસન્સ ફી દર માસે એડવાન્સ જમા કરાવવાની રહેશે.

(૪) સદર જગામાં ભાગ લેતા પહેલા રૂા.૫૦,૦૦૦/– અંકે રૂપિયા પચાસ હજાર પુરા ડિપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે.

(૫) સદર જગાની ટેન્ડર ફી રૂપીયા.૧,૦૦૦/– અંકે રૂપિયા એક હજાર પુરા જમા કરાવવાના રહેશે.

(૬) સદર જગાની લાયસન્સનો કરાર ગુજરાત નગરપાલિકા અધિનિયમ૧૯૬૩ની કલમ ૬૫(૨) મુજબ મહિનો અંગ્રેજી ૦૩ (ત્રણ) વર્ષની મુદત માટેનો જ રહેશે અને જગ્યાની માલીકી ખંભાત નગરપાલિકાની રહેશે.

(૭) લાયસન્સ ફી થી આપેલ જગાને લગતા નગરપાલિકા તેમજ ગુજરાત અને કેન્દ્ર સરકારશ્રીના તથા અન્ય તમામ ટેક્ષ લાયસન્સ ફી થી રાખનારે ભરવાના રહેશે.

(૮) સદર જગા રાખનારે અંગ્રેજી મહિનાની (૧) પહેલી તારીખથી (૧૫) પંદર તારીખ સુધીમાં એડવાન્સ લાયસન્સ ફી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે. તેમજ કોઈપણ ત્રણ માસની લાયસન્સ ફી નહી ભરે તો લાયસન્સ ફી માં પચ્ચીસ (૨૫) ટકા પેનલ્ટી આપવાની રહેશે. તેમજ કોઈપણ ત્રણ માસની લાયસન્સ ફી બાકી રહેશે તો નગરપાલિકા લાયસન્સનો કરાર રદ કરી જગાનો કબજો પરત મેળવશે. તેમાં જગા રાખનારની કોઈ દલીલ ગ્રાહય રાખવામાં નહી આવે.

(૯) લાયસન્સીએ અંગ્રેજી દર બે (૨) વર્ષ બાદ માસિક લાયસન્સ ફી માં દસ (૧૦) ટકાનો વધારો કરવામાં આવશે.

(૧૦) અરજદારે જગામાં જે નામથી ડિપોઝીટ જે નામથી રકમ ભરી ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લઈ જગા રાખેલ હોય અને તેઓની જગાની સૌથી વધુ લાયસન્સ ફી ની રકમ મંજુર થયા બાદ સદર જગાનું કરારનામું કરતાં પહેલા સદર ઈસમ ધ્વારા જે

અરજદારનું નામ આપવામાં આવશે. તેઓના નામે લીધેલી જગામાં નામ દાખલ કરવા મંજુર કરવામાં આવશે.

(૧૧) માસિક લાયસન્સ ફી થી આપેલ જગા કોઈપણ સંજોગોમાં બીજા અન્યને નામે ટ્રાન્સફર થઈ શકશે નહી. મુદત બાદ સદર જગા નગરપાલિકાને પરત આપવાની રહેશે.

(૧૨) માસિક લાયસન્સ ફી થી આપેલ જગા વારસાઈથી ટ્રાન્સફર થઈ શકશે નહી.

(૧૩) લાયસન્સ ફી થી આપેલ જગા પેટા લાયસન્સ ફી થી આપી શકશે નહી અગર તો હકક, ગીરો, દાન, વીલ કે બક્ષીશ આપી શકશે નહી તેમજ નગરપાલિકાની લેખીત પરવાનગી સિવાય બીજાને ભાગીદાર તરીકે રાખી શકશે નહી.

(૧૪) લાયસન્સ ફી થી આપેલ જગામાં નગરપાલિકાની પ્રોપર્ટી અથવા જાહેર હીતને કોઈપણ જાતનું નુકશાન થાય તેવો કોઈપણ પ્રકારનો ધંધો કે વ્યવસાય કરવા દેવામાં આવશે નહી અને તે કરી શકશે પણ નહી.

(૧૫) લાયસન્સ ફી થી આપેલ જગામાં સળગી ઉઠે તેવા જવાળાગ્રાહી પદાર્થો રાખી વ્યવસાય કે ધંધો કરતાં અગાઉ નગરપાલિકાની પુર્વ મંજુરી મેળવવાની રહેશે.

(૧૬) સદર લાયસન્સ ફી થી આપેલ જગામાં નુકશાની થાય તેવુ કૃત્ય લાયસનસદાર કરી શકશે નહી તેમ છતાં પણ નુકશાન કરતા માલુમ પડશે તો નુકશાનીના નાંણા અંગે લાયસન્સદાર જવાબદાર રહેશે તે અંગેના નુકશાનીની તમામ રકમ નગરપાલિકામાં જમા કરાવવાના રહેશે.

(૧૭) સૌથી વધુ માસીક લાયસન્સ ફી ની આવેલ રકમનું ઓફર જે જગા ફાળવણી કરવી કે નહી તે અંગેનો છેવટનો નિર્ણય નગરપાલિકાની એકઝીકયુટીવ કમિટીનો રહેશે. તે સર્વને બંધનકર્તા રહેશે અને તે અંગેની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી.

(૧૮) લાયસન્સદાર ભાગીદાર પેઢી હશે તેવા પ્રસંગે ભાગીદાર પૈકી જે કોઈ ભાગીદાર છુટા થાય ત્યારે બાકી રહેતા ભાગીદાર બાકી રહેતી મુદત માટે કરાર કરી જવાની જવાબદારી રહેશે.

(૧૯) લાયસન્સનો કરાર કરાવવાનો તમામ ખર્ચ લાયસન્સીએ ભોગવવાનો રહેશે.

(૨૦) જે લાયસન્સીને જગા ટેન્ડર મંજુર કરવામાં આવે તે લાયસન્સીએ ડિપોઝીટના રૂપીયા.૫,૦૦,૦૦૦/– અંકે રૂપિયા પાંચ લાખ પુરા જમા કરાવવાના રહેશે. સદર ડિપોઝીટની રકમ કબજો આપ્યા પહેલા જમા કરાવવાની રહેશે જે કરારની મુદત બાદ જમા કરાવેલ ડિપોઝીટની રકમ અરજી કરેથી રીફન્ડ આપવામાં આવશે અને માસિક લાયસન્સ ફી બાકી પડતી હશે તો તે ડિપોઝીટની રકમમાંથી નગરપાલિકા વસુલ લઈ શકશે.

(૨૧) જે અરજદારનું સૌથી ઉંચુ ઓફર મંજુર કરવામાં આવે અને તે જગાનો કબજો સ્વીકારે નહી તો ભરેલ ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે તથા જગાનો

કબજો સ્વીકારે તો તે પહેલી માસિક લાયસન્સ ફી ભરતી વખતે ટેન્ડરની પ્રક્રિયામાં ભાગ લેવા ભરેલ ડિપોઝીટની રકમ પરત આપવામાં આવશે.

(૨૨) ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ નીચે જે રીતે ટેક્ષ વસુલાત કરી શકાય છે તે રીતે ટેક્ષ વસુલાત કરી શકાય છે. તે રીતે લાયસન્સ ફી ની રકમ પણ ટેક્ષ છે તેમ ગણી નગરપાલિકા વસુલ કરી શકશે અને તે બાબતમાં લાયસન્સ ફી થી રાખનારની કોઈ તકરાર ચાલશે નહી.

(૨૩) નગરપાલિકાની પુર્વ પરવાનગી સિવાય જગામાં રીપેરીંગ કામ, રંગકામ, સુધારો વધારો કરી શકશે નહી અને તે અંગેનો જે ખર્ચ આવે તે તમામ ખર્ચ લાયસન્સદારે પોતાને ભોગવવાનો રહેશે.

(૨૪) નગરપાલિકાની માસિક લાયસન્સ ફી થી આપેલ મિલ્કતમાં આવેલ ખુલ્લી જગામાં લાયસન્સદાર કોઈપણ પ્રકારનું બાંધકામ કરી શકશે નહી તથા કેબીનો કે લારી ગલ્લા વિગેરે મુકી શકશે નહી.

(૨૫) સદર હું જગાનો કબજો મ્યુનીને કોઈપણ સંજોગોમાં કરારની મુદત દરમ્યાન પરત લેવાનું વ્યાજબી જણાય તો જગાનો કબજો ગુજરાત પબ્લીક પ્રિમાઈસીસ ઈવીકશન એકટ–૧૯૭૨ ની હેઠળ કાર્યવાહી કરી કબજો પરત લેવા મ્યુનીસીપાલીટીને હકક રહેશે.

(૨૬) કરારની મુદત પુરી થયા બાદ લાયસન્સીએ જગાનો કબજો નગરપાલિકાને સોંપી દેવાનો રહેશે.

(૨૭) આપેલ મીલકતની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકાની માલીકીનો રહેશે.

(૨૮) આ સિવાય કોઈપણ સુધારો કે વધારાની શરત ઉમેરવાની થાય તો નગરપાલિકા તેવી શરતો ઉમેરી શકશે તે મુજબ વર્તવાની લાયસન્સીની જવાબદારી રહેશે.

(૨૯) સદર જગ્યા માસીક લાયસન્સ ફી થી આપવા અંગેની જાહેરાત "નયા પડકાર" પેપર ની આણંદ જીલ્લા આવૃત્તિમાં તથા "નવ સંસ્કાર, લોકરૂચિ, માતૃભુમિ" સ્થાનિક સાપ્તાહીક પેપરમાં જાહેરાત પ્રસિધ્ધી માટે આપવા મંજુર.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. ઉષાબેન પી. બારૈયા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૦૮
# તારીખ.૨૮–૦૯–૨૦૨૨

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત શહેરમાં દિવાળી મેળા સને.૨૦૨૨–૨૦૨૩ માટે તારીખ.૨૧–૧૦–૨૦૨૨ થી તારીખ.૦૮–૧૧–૨૦૨૨ સુધી કુલ–૧૯ (ઓગણીસ) દિવસ સુધી ચકડોળ ગ્રાઉન્ડ દિવાળી લોક મેળાનું આ વર્ષે આયોજન કરવામાં આવેલ છે અને તે હંગામી ધોરણે લાયસન્સ ફી થી મેરીગો રાઉન્ડ, ટોળાટોળા, રાઈડીંગ ઝુલા વિગેરે માટે જાહેર હરાજીથી આપવા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૫૯ તારીખ.૧૬–૦૭–૨૦૨૨ થી શરતો નકકી કરી જાહેર હરાજી સુ.જા.નંબર.૧૩૯૯ તારીખ.૧૫–૦૯–૨૦૨૨ થી દૈનિક પેપર"નયા પડકાર" તથા "સંદેશ" આણંદ ખેડા જીલ્લા આવૃત્તિમાં તારીખ.૧૬–૦૯–૨૦૨૨ થી જાહેરાત પ્રસિધ્ધ કરતાં જેની જાહેર હરાજી તારીખ.૨૮–૦૯–૨૦૨૨ના રોજ સાંજના ૦૪–૩૦ કલાકે ખંભાત નગરપાલિકા કચેરીમાં જાહેર હરાજી રાખતાં જાહેર હરાજીમાં ભાગ લેવા માટે ૧૮ (અઢાર) અરજદારો એ જાહેર હરાજીમાં ભાગ લેવા હરાજી ડીપોઝીટ જમા કરાવેલ છે. દિવાળી મેળાની અપસેટ કીંમત રૂપીયા.૨૫,૦૦,૦૦૦/– અંકે રૂપીયા પચ્ચીસ લાખ પુરા રાખેલ હતી તેની આગળની બોલીની રકમ રૂપીયા.૨૦,૦૦૦/– અંકે રૂપીયા વીસ હજાર પુરાના ગુણાંકમાં બોલીની રકમ આગળ બોલતા સૌથી ઉંચી બોલી રૂા.૪૫,૫૦,૦૦૦/– અંકે રૂપીયા પીસ્તાલીસ લાખ પચાસ હજાર પુરા શ્રી હિતેશભાઈ પરષોત્તમભાઈ પટેલ રહે. ૨૧, રણછોડજી પાર્ક સોસાયટી–૧, શિશુ વિહારવિદ્યાલય પાસે, કતારગામ, સુરત સીટી, સુરત–૩૯૫૦૦૪ બોલી બોલેલ છે જે બોલી મંજુર કરવામાં આવે છે. જાહેર હરાજીની શરત મુજબ નાણાં જમા કરાવેથી ચકડોળ ગ્રાઉન્ડનો કબજો સોપવા મંજુર અને આગળની કાર્યવાહી કરવા ખંભાત નગરપાલીકા ના પ્રમુખશ્રી, ચેરમેનશ્રી, એકઝીકયુટીવ કમીટી અને ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે અને બાકીના અન્ય અરજદારોને હરાજી ની ડીપોઝીટની રકમ પરત આપવા મંજુર કરવામાં આવે છે તથા સરકારશ્રી ના જે કાંઈ ટેક્ષ ભરવાના થાય તે તથા જી.એસ.ટી.ની રકમ થાય તે ખંભાત નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે તે અંગે અલગથી પાવતી આપવામાં આવશે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. ઉષાબેન પી. બારૈયા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૦૯
# તારીખ.૨૮–૦૯–૨૦૨૨

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત શહેરમાં દિવાળી મેળા સને.૨૦૨૨–૨૦૨૩ માટે તારીખ.૨૧–૧૦–૨૦૨૨ થી તારીખ.૦૮–૧૧–૨૦૨૨ સુધી કુલ–૧૯(ઓગણીસ) દિવસ ગવારા ટાવર ધર્મશાળા પાસે થી ગોપાલ ટોકીઝ થી પાણીયારી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝ થી મેતપુર જકાત નાકા સુધી દિવાળી લોક મેળાનું આ વર્ષે આયોજન કરવામાં આવેલ છે અને તે હંગામી ધોરણે હાથલારી, પાથરણા, મંડપ અને સ્ટોલની દૈનીક લાયસન્સ ફી ઉઘરાવવાના ઈજારા માટે જાહેર હરાજીથી આપવા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૬૦ તારીખ. ૧૬–૦૭–૨૦૨૨ થી શરતો નકકી કરી જાહેર હરાજી સુ.જા.નંબર. ૧૩૯૯ તારીખ.૧૫–૦૯–૨૦૨૨ થી દૈનિક પેપર "નયા પડકાર" તથા "સંદેશ" આણંદ ખેડા જીલ્લા આવૃત્તિ માં તારીખ.૧૬–૦૯–૨૦૨૨ ના રોજ જાહેરાત પ્રસિધ્ધ કરતાં જેની જાહેર હરાજી તારીખ.૨૮–૦૯–૨૦૨૨ના રોજ સાંજના ૦૪–૩૦ કલાકે ખંભાત નગરપાલિકા કચેરીમાં જાહેર હરાજી રાખતાં જાહેર હરાજીમાં ભાગ લેવા માટે ૭ (સાત) અરજદારોએ જાહેર હરાજીમાં ભાગ લેવા હરાજી ડીપોઝીટ જમા કરાવેલ છે. દિવાળી મેળાની અપસેટ કીંમત રૂપીયા.૩,૦૦,૦૦૦/– અંકે રૂપીયા ત્રણ લાખ પુરા રાખેલ હતી તેની આગળની બોલીની રકમ રૂપીયા.૧૦,૦૦૦/– અંકે રૂપીયા દસ હજાર પુરાના ગુણાંકમાં બોલીની રકમ આગળ બોલતા સૌથી ઉચી બોલી રૂા. ૯,૫૦,૦૦૦/– અંકે રૂપીયા નવ લાખ પચાસ હજાર પુરા શ્રી જનકભાઈ અરવિંદભાઈ બ્રહ્મભટ્ટ રહે. મુ.જલસણ તા.ખંભાત જી.આણંદ બોલી બોલેલ છે જે બોલી મંજુર કરવામાં આવે છે જાહેર હરાજીની શરત મુજબ નાણાં જમા કરાવેથી મેળાની દૈનીક લાયસંન્સ ફી ઉઘરાવવાનો ઈજારો આપવા મંજુર અને આગળની કાર્યવાહી કરવા ખંભાત નગરપાલીકાના પ્રમુખશ્રી, ચેરમેનશ્રી, એકઝીકયુટીવ કમીટી અને ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે અને બાકીના અન્ય અરજદારોને હરાજીની ડીપોઝીટની રકમ પરત આપવા મંજુર કરવામાં આવે છે તથા સરકારશ્રીના જે કાંઈ ટેક્ષ ભરવાના થાય તે તથા જી.એસ.ટી.ની રકમ થાય તે ખંભાત નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે તે અંગે અલગથી પાવતી આપવામાં આવશે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. ઉષાબેન પી. બારૈયા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા